# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન • વર્ષ : ૫ • સળંગ અંક : ૩૪૪ • તા. ૧૧ જાન્યુઆરી થી ૧૭ જાન્યુઆરી ૨૦૨૫

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, C/o. Jaydeep Group, # 203, Jaydeep Emphasis, 2nd Floor, Opp. PNB Bank, Near Datta Mandir, Above Saraswat Bank, Waghle Estate, Thane (West), Mumbai - 400 604.




## શ્રી ક.દ.ઓ.જૈન પશ્ચિમ એકમના મેનેજીંગ ટ્રસ્ટી પદે

# શ્રી નીશિથ દંડની વરણી

Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF
Life Member



SHUBH
DIAMONDS


RAJESH MOMAYA
9884149494

# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444

www.shubhdiamonds.com Contact : 9884899494 E.Mail : pratik.mota@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-
માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર
(ગામ - સાયરા)



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


-: સંપાદક ગણ :-

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

પ્રવીણ હંસરાજ લોડાયા

કીર્તિકુમાર ધનજી ધરમશી

ચંદ્રેશ વિરચંદ છેડા



-: કાર્યાલય :-

પોસ્ટ/કુરીઅર પત્રવ્યહાર માટે સરનામું

Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

જ્ઞાતિમૈયા હવે નેટ પર....

http://www.kdosm.org

Email : gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત...

**સંપાદક સ્થાનેથી**

# જિંદગી એક અઘરી જીવન યાત્રા

જિંદગીને એર સફર યાત્રા કે પ્રવાસ સમજીએ તો સતત ચાલતા રહેવાની આ પ્રક્રિયા છે. યાત્રાનો રોમાંચ છે. તો સગવડ અગવડથી ખેડાતો પ્રવાસ છે. આસાન રસ્તા, કપરી પરિસ્થિતિ અને અગણિત મુસીબતોની આ સફર ક્યારે આપણામાં આત્મવિશ્વાસ ભરી દે છે તો, ક્યારેક સંપૂર્ણ હતોત્સાહ કરી આપણને ભાંગી નાંખે છે. એક ખુશનસીબ પળ આવવાથી આપણી અંદર એક નવી ઊર્જા ઉત્પન્ન થઈ જાય છે. જે આગળ તરફ વધવાનું ઈંધણ પૂરૂ પાડે છે.

જીંદગીને બહેતર બનાવવી કે બદતર તે આપણા હાથમાં છે. જિંદગીમાં જીવન યાત્રા દરમ્યાન જે કંઈ પણ થતું હોય, સારૂ કે નરસું એના જવાબદાર આપણે હોઈએ છીએ. પણ આપણાથી એનો સ્વીકાર થતો નથી અને તેના દોષ બીજા પર ઢોળી દઈએ છીએ. સફરમાં જોડાતા સાથીઓ, કે અધ વચ્ચે સંપર્કમાં આવતા પ્રવાસીઓ મનમેળ થાય આત્મીયતા કેળવાય એ આપણા સ્વભાવની સરળતા છે. સંબંધો સાચવવાની આપણી કુશળતા દર્શાવે છે. પણ જો તેની સાથે મતભેદ થાય, વિચાર ભેદથી કુમેળ સર્જાય તેનો સાથ તેનો સહવાસ તે આપણી સામે હોય તો પણ આપણને ખટકે તો એ આપણી નિષ્ફળતા છે. આપણી સંબંધો સાચવવાની નાકામયાબી છે. સંબંધો સાચવવા અને એનું સંવર્ધન થાય, એનું જતન થાય એવી સતત કાળજી રાખીએ. માહોલ જાળવી રાખીએ એ આપણો ધર્મ, સ્વભાવ હોવો જોઈએ. સામેવાળા તરફ આપણે કેવી કાળજી ધરાવીએ છીએ. આનાથી આપણી કાળજી સંબંધ પ્રત્યેની આપણી ફિકર સામે આવે છે.

જિંદગી એક કસોટી છે, પરીક્ષા છે, પરખ છે. એને બેસ્ટ બનાવવા, એને સરળ કે આસાન બનાવવાની જવાબદારી નિભાવવી આપણી ફરજ છે. આ ફરજ આપણે સફળતાથી બજાવીએ તો જે ખુશી અને સંતોષ મળશે. એ અમાપ હશે અવર્ણનીય હશે. કારણકે ત્યારે જ આપણી આંતરીક શક્તિનો શું ગજું છે. તેનું માપ આપણને મળશે. કુદરતે બધાને સમજ અને શક્તિ ભરપૂર આપ્યા છે. માત્ર એને સારી રીતે, યોગ્ય સ્થળે અકસીર પણે આપણે વાપરીએ તો જિંદગીની સફળતા હાથવેંતમાં પામીએ શકીએ છીએ.

લક્ષ્ય બનાવીને આપણે રસ્તે ચાલીએ, ભલે એકલા હોઈએ. લોકો સાથે આવે કે ન આવે કોઈનો સાથ મળે કે ન મળે. લક્ષ્યને સાધવાની આપણે લડાઈ ભલે એકલાં લડીએ. આનાથી ભવિષ્યનું ઘડતર થશે અને ઉપર ચડવાનું એક ઓર પગથિયું બનશે.

જિંદગીની દોડમાં આપણે પડશું ભાંગશું કે ઘવાઈશું પણ ઝઝૂમવાની તાકાત કેળવીશું તો ફિનિક્સ પક્ષીની જેમ ઊભા થઈ ફરી સામનો કરવા સજ્જ થઈ શકીશું. 'યા હોમ કરીને પડો ફતેહ છે. આગે' એવા નિર્ધાર એવો સંકલ્પ મંત્ર આપણી તાકાત બની રહે છે. જિંદગીની યાત્રા અઘરી છે. વિકટ છે એ ખરું પણ, એને આસાન બનાવવી આપણા હાથમાં છે. અઘરી જીવન યાત્રાને સરળ સપાટ બનાવી શકીએ એ આપણી સફળતા છે. સિદ્ધિ છે. જે આપણે પામીએ.

– જય જ્ઞાતિમૈયા

# વ્યસન એક મોટો દુર્ગુણ

વ્યસન બૂરી બલા છે. શરૂઆતમાં આપણને લલચાવે છે અને પછી જળોની જેમ વળગી રહી આપણને ખતમ કરે છે. એ એક મોટો દુર્ગુણ છે. જે ક્ષણિક આનંદ આપે છે. પછી પોતાની વિનાશ લીલામાં આપણને જકડી લે છે. પાન, બીડી, તમાકું, ગુટખા, દારૂ, નશીલા ડ્રગ્સ અને જુગારની લત એકવાર માણી પછી તેની કાયમી આદત થઈ જાય છે અને ન મળે તો તલપને કારણ કે વ્યક્તિ આકળ વિકળ થઈ જાય. વ્યસન પૂરો કરવા પછી કોઈ પણ હદે જાય છે. અને શતમુખ પતન નોતરી બેસે છે. પરિવારના સભ્યો સાથે કે તેની સામે આવતા કોઈની પણ સામે ક્રુર, અમાનવીય વર્તન કરી બેસે છે તો ક્યારેક ક્યારેક પોતાની તલપ માટે મોટો અપરાધ પણ કરી બેસે છે અને કાનૂનનો ગુનેગાર બની બેસે છે.

## સેક્રેટરીના બે બોલ..




નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)


જે વસ્તુઓની તલપ આપણને થાય અને મન વારંવાર તે વસ્તુ ચીજની ડિમાંડ કરે છે. વારંવાર માંગ કરે છે તેની આપણા શરીર અને મન પર અસર થાય છે તેને વ્યસન કહીએ છીએ. આજના સમયમાં ખાસ કરીને યુવા ધન વ્યસને ફેશન બનાવે છે અને પોતે કંઈક છે તેનો રોફ જમાવે છે. પણ સહેલાઈથી વ્યસનને અપનાવી લઈએ છીએ એ વ્યસન ધીમે ધીમે રોજે રોજેની આદત બની જતાં તન, મન અને ધનને નુકસાની પહોંચાડે છે. વ્યસનનો ત્યાગ કરવાથી બિલકુલ નુકસાની થતી નથી. પણ ફાયદો અઢળક થાય છે.

અગાઉ તંબાકુનો પાન, તમાકુ, બીડી-સિગરેટ, શરાબ વિગેરે તો મહિલાઓમાં બજર-છીંકણી-તપકીર સુંઘવાનો કે ફાકવાનું ચલણ હતું. આજે હવે ખૈની, ગુટખા, જુગાર, કોઈની પણ હાજર જીત ઉપર શરત લગાવવી-બેટિંગ લેવી ઉપરાંત ઓનલાઈન ગેમની લત. આ દૂષણો છે જે વ્યસન બનીને યુવાઓને ખોખલું કરે છે. વ્યસનની માયાજાળમાં આજની પેઢી ફસાઈ ગઈ છે અને દરેક રીતે ખૂંવાર થઈ રહ્યો છે. જીવન તો જીવી રહ્યો છે પણ મોતના દ્વારે પહોંચી ગયો છે. રોજની એક-બે બીડી સિગરેટ ફૂંકવાથી કે એક પુડી ગુટખાની મોંમાં ઓરવાથી શું થવાનું છે? ત્યારે વ્યસનીઓને એ સમજ જરૂરી રહે છે કે નાના એવા કણથી મણનો નુકસાન થાય છે.

વ્યસન ચાહે કોઈપણ પ્રકારનો હોય. નાની કે નિર્દોષ લાગતી લત કુટેવ, આદત તલપ જગાવે છે. અભ્યાસ કરતા બાળકો ઓનલાઈન ગેમની લતે ચડી પોતાનું જીવન બરબાદ કરે છે. પહેલા પબજી મોબાઈલ ગેમ, રમીની ગેમ, ક્રિકેટની ગેમને રવાડે ચડી કઈક યુવાધન મહામૂલું જીવન ખરાબે ચડાવી દે છે. વ્યસનની માયાજાળમાં લપટાયેલો વ્યસની વ્યસનથી મૂકત થવા માટે કયારેય પણ વિચાર કરતો જ નથી. કેમ કે તેને વ્યસનની લત લાગી ગઈ હોય છે. જેનાથી એને આભાસી સુખ મળે છે. વ્યસની વ્યસનનો ભોગ પોતે પણ બને છે અને પરિવારને પણ બનાવે છે. જે વસ્તુને ચોપગા પ્રાણીઓ પણ સૂંઘતા નથી તેને માટે બે પગા માનવી પડાપડી કરે છે. વ્યસન એક હળાહળ ઝેર સમાન છે. એક વ્યસની અવિચારી પણે પોતે દુઃખને નોતરે છે તે સાથો સાથ સમગ્ર પરિવારને દુઃખની ગર્તામાં ધકેલે છે.

## જ્ઞાતિજનોને આવ્હાન

આપણી જ્ઞાતિની વિરાસત ભવિષ્યમાં સચવાયેલી રહે સાથો સાથ આજની પેઢીને આપણી જ્ઞાતિની સંસ્કૃતિ-સંસ્કાર અને વિરાસતની આધારભૂત માહિતી મળે એ જરૂરી છે. જે માટે સમસ્ત મહાજન દ્વારા જ્ઞાતિ ગ્રંથનું સંકલન કરવાનું આયોજન છે. જે માટે માહિતી સંકલિત કરાઈ રહી છે.

જ્ઞાતિના સૌને જણાવવાનું કે આપની પાસે આપણી જ્ઞાતિ વિષેની માહિતી, વિગત, જાણકારી હોય તે લખીને ફોટા સાથે ઈમેઈલ kdogranth@gmail.com ઉપર મોકલવા વિનંતી. **વધુ વિગત માટે સંપર્ક : જયંત છેડા (ચેરમેન, કેડીઓ મીડિયા સમિતિ) ૯૮૬૯૦૦૫૪૦૩ કરવો.**

# ARIHANT BANK

## SHRI ARIHANT CO-OP. BANK LTD.

**1st Jan - 30th June 2025**

With **LOWEST INTEREST** Rates,
we are still very much **Co-operative**

**STAMP FRANKING**
Now Available

HOME LOAN

CAR LOAN

COMMERCIAL VEHICLE LOAN

SOLAR LOAN

***7.49%** (p.a.)

***8.49%** (p.a.)

GOLD LOAN

LOAN AGAINST PROPERTY

TRADE LOAN

LOAN AGAINST INSURANCE POLICY

*ROI linked to the CIBIL score.
Terms & conditions apply

**Head Office : GB-10 A&B, Karma Stambh, L.B.S. Marg, Vikhroli (West), Mumbai - 400 083**

| Bhandup (West) | Borivali (West) | Dombivli (East) | Ghatkopar (East) | Ghatkopar (West) |
|---|---|---|---|---|
| 86526 30381 | 86526 30390 | 86526 30386 | 86526 30383 | 86526 30385 |

| Masjid Bunder | Matunga | Mulund (West) | Thane (West) | Vashi | Kamothe |
|---|---|---|---|---|---|
| 86526 30384 | 86526 30389 | 86526 30382 | 86526 30388 | 86526 30387 | 86521 19656 |

**SADA AAPKE SANG, ARIHANT**

For More Details, Call Nearest Branch or

**Toll Free : 1800 221 984**

**Working Hours :** 10:30 am to 05:30 pm **(Except Bank Holidays)**

SADA AAPKE SANG, ARIHANT

www.arihantbank.com @ Arihant Bank

# શ્રી ક.દ.ઓ.જૈન પશ્ચિમ એકમના મેનેજીંગ ટ્રસ્ટી પદે

# શ્રી નીશિથ દંડની વરણી



શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન પશ્ચિમ એકમની કારોબારી સમિતિની તાજેતરમાં મળેલ બેઠકમાં પશ્ચિમ એકમના મેનેજીંગ ટ્રસ્ટી પદે સમસ્ત કચ્છી દશા ઓસવાલ જૈન મહાજનના સેક્રેટરી જનરલ શ્રી નીશિથ આણંદ દંડની વરણી સર્વાનુમતે કરાઈ હતી. કર્મઠ જ્ઞાતિ અગ્રણી અને કાબેલ કુશળ વહીવટ કર્તા એવા તરવરીયા સમાજસેવક શ્રી નીશિથભાઈ દંડના કાર્યકાળ દરમ્યાન પશ્ચિમ એકમ દ્વારા ઉત્તરોત્તર સમાજસેવાના ઉત્તમ કાર્યો થાય એ શુભકામના સાથે શ્રી નીશિથભાઈ દંડને હાર્દિક અભિનંદન.


**શ્રી સમસ્ત કેડીઓ જૈન મહાજન,**
**મેડિકલ સમિતિ**



KDO SANJIVANI

## કેડીઓ સંજીવની

**માટેની વિગતવાર માહિતી માટે તથા મેડિકલ સહાય માટે**

**સંપર્ક:**

| | |
|---|---|
| મનીષા શાહ | 98695 76527 |
| ડો. ધારિણી નાગડા | 98197 22300 |
| ભરત મૈશેરી | 98200 58048 |
| રમેશ મોતા | 98196 55259 |

# શ્રી ક.દ.ઓ.જૈન સર્વોદય મંડળ મુલુંડ દ્વારા રમતોત્સવ ૪.૦ નું સફળ આયોજન સંપન્ન





આરોગ્ય એજ ખરી સંપત્તિ છે. શારીરિક રીતે સ્વસ્થ રહેવા માટે મનુષ્યના જીવનમાં ખેલકૂદનું યોગદાન મહત્વનું હોય છે .

શ્રી ક.દ.ઓ. જૈન સર્વોદય મંડળ-મુલુંડ એ એજ હેતુથી મુલુંડના જ્ઞાતિજનો માટે રમતોત્સવનો આરંભ કર્યો હતો. તેના અનુસંધાનમાં આ વર્ષે લગલગાટ રમતોત્સવ ૪.૦ નું સફળ આયોજન રવિવાર તા. ૨૯ ડિસેમ્બર ૨૦૨૪ રોજ કાલિદાસ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સના અથલોન ટર્ફ ખાતે કરવામા આવ્યુ હતુ.

મંડળની આ પહેલને H D Fire Family નાં હરીશભાઈ નરશી ધરમશી તથા કુસુમબેન હરીશ ધરમશી એ સહર્ષ સ્વીકારીને રમતોત્સવના આધાર સ્તંભ બની એક મજબૂત કરોડરજ્જુની ભૂમિકા સક્ષમ રીતે નિભાવી છે. એ બદલ સર્વોદય મંડળ તથા મુલુંડના દરેક જ્ઞાતિજન H D Fire Family ના દરેક સભ્યોના આભારી છીએ

કાર્યક્રમનો આરંભ H D Fire Family ના સ્વાગત સાથે થયેલ, નવકાર મંત્રના પઠન બાદ પરિવાર તથા પદાધિકારીઓ દ્વારા દીપ પ્રાગટ્ય કરી રમતોત્સવની મશાલ પ્રજ્વલિત કરવામાં આવી જે ટીમના તમામ કેપ્ટન દ્વારા સંપૂર્ણ ટર્ફમાં માર્ચ પાસ્ટ રૂપે ફેરવામાં આવી, ત્યાર બાદ મંડળના પ્રમુખ શ્રી મયૂર મણીકાંત ધુલ્લા દ્વારા ઉપસ્થિત દાતા પરિવાર, મહેમાનો, સ્પર્ધકો અને મહાનુભાવોનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું.








# શ્રી ક.દ.ઓ.જૈન સર્વોદય મંડળ મુલુંડ દ્વારા રમતોત્સવ ૪.0 નું સફળ આયોજન સંપન્ન











શ્રી અનિક ધરમશી દ્વારા દરેક સ્પર્ધકોને સ્પોર્ટ્સ ઓથ આપવામાં આવી.

મંડળ દ્વારા H D Fire Family પરિવારના કાશ્મીરાબેન-નરેન્દ્રભાઈ, કુસુમબેન-હરીશભાઈ, હિરેનભાઈ, પૂજાબેન-અનિકભાઈ, પરીકાબેન-મિહિરભાઈ, રીહાન, અવિકા અને હિયાંનું બહુમાન કરવામાં આવેલ.

H D Fire Family પરિવાર વતી શ્રીમતી કુસુમબેન હરીશભાઈ ધરમશી એ સ્પર્ધકો તથા મંડળની કમિટીને અભિનંદન આપી પ્રોત્સાહિત કર્યા.

રમતોત્સવ ૪.0 માં મહિલાઓ માટે હેન્ડબોલ, થ્રો બોલ, તથા ક્રિકેટ અને પુરૂષો માટે ફૂટબોલ, વોલીબોલ તથા ક્રિકેટ જેવી ૬ વિવિધ રમતોનું આયોજન કરવામાં આવેલ. દરેક સ્પર્ધા માટે FIRE VICTORS, FIRE CHASERS, FIERY PROTECTORS, FIERY COMMANDERS નામની ચાર ટીમોનું ચયન કરવામાં આવેલ.

૧૯૦ સ્પર્ધકો, ૨ ટર્ફ, રાષ્ટ્રીય તથા રાજ્ય સ્તરના કોચ, ૩૦ દિવસની શિસ્તબદ્ધતા, ૬૦ કલાકની તનતોડ તાલીમનું સફળ પરિણામ એટલે રમતોત્સવ ૪.0.

૧૯૦ સ્પર્ધકો મહિના સુધી મુલુંડના જુદા જુદા ગ્રાઉન્ડ પર પોતાના વ્યવસાયિક, શૈક્ષણિક, ઘરકાર્યની જવાબદારીઓનું સુંદર સમન્વય સાધી તાલીમનો લાભ લઈ રમતોત્સવના મેદાનમાં ઉતર્યા હતા અને રમતોત્સવના આયોજનને સફળ બનાવ્યું હતું.

# શ્રી ક.દ.ઓ.જૈન સર્વોદય મંડળ મુલુંડ દ્વારા રમતોત્સવ ૪.૦ નું સફળ આયોજન સંપન્ન









રવિવાર ૨૯ ડિસેમ્બરના સવારના ૮ વાગે કાર્યક્રમની શરૂઆત થઈ હતી જેનું છેક રાત્રે ૧૧ વાગે સમાપન થયું હતું.

સ્પર્ધાની શરૂઆત દરેક રમત ના ક્વોલિફાયર રાઉન્ડ/નોકઆઉટ રાઉન્ડ દ્વારા થઈ હતી.ત્યાર બાદ મુલુંડના ૮ થી ૧૪ વર્ષ સુધીના બાળકો દ્વારા વિવિધ રચનાઓનુ અદભૂત પ્રદર્શન કરવામાં આવેલ જેને હાજર રહેલ સૌએ તાળીઓના ગડગડાટ થી પ્રોત્સાહન આપી બિરદાવ્યું હતું.

ઇવેન્ટના છેલ્લા ચરણમાં તમામ સ્પર્ધાની ફાઇનલ ગેમ રમવામા આવી હતી જેણે રોમાંચક વાતાવરણ સર્જ્યું હતું.

સહભાગી સ્પર્ધકો, આયોજકો તેમજ મંડળના સભ્યો સૌ એ પોત- પોતાના ટીમના ડ્રેસમાં ઉપસ્થિત રહ્યા હતા અને તે ટર્ફ પર જાણે વિવિધ રંગો તરતાં હોય એવો ભાસ ઉત્પન્ન કરતા હતા તે જોવાનો લ્હાવો સૌ એ લીધો હતો.

સ્પર્ધામાં દરેક મેચમાં એક પ્લેયર ઓફ મેચનું ઇનામ આપવામાં આવેલ. વિજેતા ટીમ 1st 2nd 3rd position ને એક સુંદર ટ્રોફી એનાયત કરવાંમાં આવી હતી તથા દરેકે દરેક સ્પર્ધકને મેડલ આપવામાં આવેલ.





### વિવિધ સ્પર્ધાઓમાં પ્લેયર ઓફ મેચ તરીકે સન્માનિત કરેલ થયેલ સ્પર્ધકોની યાદી

**મહિલા હેન્ડબોલ**
પલક લોડાયા, તન્વી લાપસીયા અને મહેક મોતા.

**પુરૂષ ફૂટબોલ**
વિવેક ખોના, ધૈર્ય ધરમશી અને વીર સોની.

**મહિલા થ્રો બોલ**
સ્મિતા લોડાયા, રોમા છેડા, કિંજલ ગોસર અને પૂર્વી સંઘવી.

**પુરૂષ વોલીબોલ**
કપિલ લોડાયા, જીન્તન દંડ અને લાજેશ લોડાયા.

**મહિલા ક્રિકેટ**
અવની કારાણી, નીના લોડાયા, રાણી નાગડા અને ધરતી દંડ.

**પુરૂષ ક્રિકેટ**
કુમાર નાગડા, રાજીવ લુઠીયા, ચંદ્રેશ શિયાળ તથા જીગર લોડાયા.

# શ્રી ક.દ.ઓ.જૈન સર્વોદય મંડળ મુલુંડ દ્વારા રમતોત્સવ ૪.૦ નું સફળ આયોજન સંપન્ન










આ કાર્યક્રમમાં સ્પર્ધકો ઉપરાંત આયોજકો, મંડળના સભ્યો તેમજ વિવિધ પરાંમાંથી જ્ઞાતિજનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતા અને સ્પર્ધકોને ઉતેજન આપ્યું હતું. સંપૂર્ણ દિવસ દરમ્યાન જ્ઞાતિના શ્રેષ્ઠિવર્યો, આમંત્રિતો, ભૂતપૂર્વ ભારતીય ક્રિકેટર શ્રી નિલેશ મોરેશ્વર કુલકર્ણી, શ્રી ક.દ.ઓ. ડોમ્બિવલી મંડળના પદાધિકારીઓ, શ્રી મુલુંડ ગોગારી વિશા શ્રીમાળી જૈન સમાજના શ્રી નલિન શાહ તથા વિવિધ મહાજનોના પદાધિકારીઓ ઉપરાંત મુલુંડના ધારાસભ્ય શ્રી મિહિર કોટેચા એ હાજરી આપી આયોજનની શોભા વધારી હતી.

મંડળ પદાધિકારી ઓ દ્વારા આ રમતોત્સવ ૪.૦ના આયોજનમાં સહકાર આપનાર દાતાપરિવાર H D Fire Family, સ્પર્ધકો તથા જ્ઞાતિજનોનો આભાર માનેલ તથા મંડળની આગામી દરેક પ્રવૃત્તિમાં ઉત્સાહપૂર્વક ભાગ લેવા આગ્રહ કરેલ.

સમગ્ર પ્રોગ્રામનું યુ ટ્યુબ પર જીવંત પ્રસારણ કરવામાં આવેલ.

https://www.youtube.com/live/MApb4801rR0?si=bK7t8nIlbWeesHHI

https://www.youtube.com/live/X7Cf0qrTzhE?si=B7me46cJ7pi8QKJv

જેને દેશ વિદેશમાં સેંકડો જ્ઞાતિજનોએ ઘરે બેઠાં માણ્યો હતો.

આ કાર્યક્રમને સફળ બનાવવા માટે તમામ સહભાગીઓનો આભાર અને કાર્યક્રમમાં હાજર રહેલા પ્રેક્ષકોનો આભાર.





# શ્રી ક.દ.ઓ.જૈન સર્વોદય મંડળ મુલુંડ દ્વારા રમતોત્સવ ૪.૦ નું સફળ આયોજન સંપન્ન









## Handball Team

Red Team Fire Protectors:
Captain- Aesha Momaya
Meghna Momaya
Tanvi Lapasia
Riya Mota
Bhoomi Lapsiya
Diksha Dharamshi

Orange Team Fiery commanders
Captain : Bhoomi churla
Shrushti shah
Aditi Nagda
Chaitali khona
Dhwani nagda
Mahek mota

**Blue Team Fire Chasers**
Captain : Vruti Shah
Nancie Nagda
Aarna Chheda
Disha Chheda
Stuti Lodaya
Khiaanshi Dand



## Handball finals team

**Yellow Team- Fire victors**

**Captain :Palak Lodaya**
**Kashvi Mota**
**Gunj Dharamshi**
**Meher Dharamshi**
**Rashi Dharamshi**
**Nirva Bheda**

# શ્રી ક.દ.ઓ.જૈન સર્વોદય મંડળ મુલુંડ દ્વારા રમતોત્સવ ૪.૦ નું સફળ આયોજન સંપન્ન















## Football Team

**Blue Team (2nd) (Fire Chaser)**

Darshan Amit Dagha
Devang Khushal Sanghvi
Dhairya Yogesh Dharamshi (Captain)
Geet Bhupesh Momaya
Hridaan Jeentan Shah (Dand)
Jainam Bharat Dharamshi
Sparsh Nishit Gosher
Parshva Kalpesh Lodaya

**Orange Team (Fire Commanders)**

Ajay Virendra Lodaya
Chirag Bhupesh Momaya
Harsh Sachin Lodaya
Manav Parag Nagda
Meet Mayur Lodaya
Raj Litin Momaya
Hansil Khona

**Yellow Team (Fire Victors)**

Dhruvin Amit Lapasia
Khush Bhavik Chheda
Taksh Hitesh Momaya
Veer Ritesh Soni
Vikrama Hiren Lodaya
Yash Hitesh Nagda
Yash Virendra Lodaya (Captain)

## Football Finals Team

**Red Team (Fire Protectors)**

**Aman Dilip Shah**
**Harsh Girish Lodaya**
**Kavya Chintan Mota**
**Nihar Pragnesh Lodaya**
**Parth Kalpesh Lodaya**
**Harsh Sachin Lodaya**
**Vivek Vipin Khona (Captain)**



# શ્રી ક.દ.ઓ.જૈન સર્વોદય મંડળ મુલુંડ દ્વારા રમતોત્સવ ૪.૦ નું સફળ આયોજન સંપન્ન

















## Men's Cricket Team

**Orange Team**
Akhilesh Vikamshi
Amit Momaya
Deepak Lodaya
Dilip Dand
Girish Lodaya
Hemant Dagha
Jayesh Lodaya
Pritesh Patel
Priyank Meisheri
Sanjay Shah
Vipul Patel

**Blue Team**
Bhavesh Lodaya
Bhavik Chedda
Chandresh Shial
Chetan Bheda
Hemang Shah
Hitesh Patel
Mehul Momaya
Paresh Lodaya
Pranay Luthia
Sameer Dharamshi
Vijay Meisheri

**Red Team**
Bhupesh Momaya
Chetan Lodaya
Dilip Lodaya
Hiren Nagda
Jayesh Dand
Kumar Chedda
Nilesh Dand
Nitin Chedda
Rajiv Luthia
Vijay Dharamshi
Chetan Peer

### Men's Cricket Finals Team

**Yellow Team**
Ashit Luthia
Kalpesh Lodaya
Jigar Nagda
Girish Nagda
Hirachand Cheda
Hiren Luthia
Kumar Nagda
Nayan Poladiya
Paresh Nagda
Rajesh Heffa
Virendra Lodaya



# શ્રી ક.દ.ઓ.જૈન સર્વોદય મંડળ મુલુંડ દ્વારા રમતોત્સવ ૪.૦ નું સફળ આયોજન સંપન્ન













## Women's Cricket Team

**Yellow team- Fire Victors**

Shejal Lodaya- Captain
Rani Nagda
Nutan Dhulla
Meera Shah
Leena Khona
Lajitaben Khona
Divya Shah

**Red Team-fiery protectors**

Alpa Chheda
Avni Karani
Avantika Munvar
Bhadra Lodaya- captain
Kavita Meisheri
Deepa Nagda
Rekha H Lodaya

**Blue Team-Fire Chasers**

Chhaya Dharamshi
Dharini Momaya
Hansa Khona
Hema Shiyal
Kalpana Luthia
Rekha P Lodaya- captain
Smita Shah

## Women's Cricket Finals Team

**Orange Team - Fiery Commanders**

Jayshree Jain
Neena Lodaya
Manisha Khona
Falguni Nagda
Dharti Dand
Bharti Shah
Hema Poladiya

# શ્રી ક.દ.ઓ.જૈન સર્વોદય મંડળ મુલુંડ દ્વારા રમતોત્સવ ૪.૦ નું સફળ આયોજન સંપન્ન





## Volleyball Team

| Red Team (FIERY PROTECTORS) | Yellow Team (FIRE VICTORS) |
|---|---|
| Deep | Nilesh |
| Kartik | Kumar |
| Manish | Parag |
| Pinakin | Lajesh |
| Nandan | Sambhav |
| Nimesh | Dhaval |
| Nishit | Mehul |

| Orange Team (Fiere Commanders) | Blue Final Team (FIRE CHASERS) |
|---|---|
| Ajay | Jitesh |
| Tushar | Kalpesh |
| Nilesh | Kapil |
| Pragnesh | Harsh |
| Bhavesh | Harsh |
| Bhavin | Viren |
| Jeentan | Hitesh |











# શ્રી ક.દ.ઓ.જૈન સર્વોદય મંડળ મુલુંડ દ્વારા રમતોત્સવ ૪.૦ નું સફળ આયોજન સંપન્ન













## Throwball Team

**Red Team (Fiery Commanders)**

1. Manisha Mitesh Lalka
2. Neelam-Mota
3. Neha Hirachand Chheda
4. Priyanka Shah
5. Roma Chheda (Captain)
6. Smita Kalpesh Lodaya
7. Prapti Bhavesh Shah

**Orange Team (Kashmira Churla)**

1. Charmi Chheda
2. Jalpa Amit Dagha
3. Captain: Kashmira Churla
4. kinjal Nishit Gosher
5. Minal Momaya
6. Reena Bhavin Meisheri
7. Nehal Nagda



## Throwball Finals Team

**Yellow Team ( Fiery Commanders)**

**1. Ankita Hitesh Momaya**
**2. Komal Mota**
**3. Neena Khona**
**4. Preety Khona**
**5. Purvi Sanghvi**
**6. Shreya Bhavin Khona**
**7. Hetal Tushar Mota**



# આગામી સમય દરમ્યાન થનારા કેડીઓ જ્ઞાતિના વિવિધ કાર્યક્રમોની યાદી

**શ્રી ક.દ.ઓ. જ્ઞાતિમાં વિવિધ સંસ્થાઓ, મહાજનો, સંઘો દ્વારા ધાર્મિક, સાંસ્કૃતિક, સામાજિક અને શૈક્ષણિક ઉપયોગી પ્રવૃત્તિઓ આગામી જાન્યુઆરીથી એપ્રિલ માસ દરમ્યાન થવાની નિર્ધારીત છે. તેની તારીખ અને ટૂંકમાં વિગત અત્રે આપી છે. જે જ્ઞાતિજનોને ઉપયોગી થશે.**

| | |
|---|---|
| તા.૧૧ થી ૧૫ જાન્યુઆરી ૨૦૨૫ | ક.દ.ઓ.વિદ્યાર્થી સંઘ આયોજિત હલો પાન્જે વતન કચ્છ પ્રવાસ |
| તા. ૧૯ જાન્યુઆરી ૨૦૨૫ | પ.પૂ.સાધ્વી શ્રી જિનાજ્ઞાશ્રીજી મ.સા.ની વડી દિક્ષાઃ પારોલા તીર્થ. |
| તા. ૨૬ જાન્યુઆરી ૨૦૧૫ | શ્રી ક.દ.ઓ. ડોમ્બિવલી મંડળ આયોજિત ટેલેન્ટ ફીએસ્ટા ૨૦૨૫. સવારે ૯.૩૬ ક. થી. માધવાશ્રમ, ડોમ્બિવલી. |
| તા. ૨૬ જાન્યુઆરી ૨૦૨૫ | શ્રી ક.દ.ઓ. મંડળ ડોમ્બિવલી આયોજિત રંજન સંધ્યા. સાંજે ૪.00 ક. થી. |
| તા. ૩૧ જાન્યુઆરી થી ૦૨ ફેબ્રુઆરી ૨૦૨૫ | શ્રી તેરા તીર્થ : બને જિનાલયોનું ધ્વજારોહણ મહોત્સવ |
| તા. ૦૧ થી ૦૨ ફેબ્રુઆરી ૨૦૨૫ | નલિયા તીર્થ- શ્રી ચંદ્રપ્રભસ્વામી તથા અન્ય જિનાલયની ૧૮૫ મી ધ્વજા નિમિત્તે મહોત્સવ. |
| તા. ૦૧ થી ૦૨ ફેબ્રુઆરી ૨૦૨૫ | લાલા તીર્થ : શ્રી ચંદ્રપ્રભ સ્વામી જિનાલયઃ ૧૧૮મુ ધ્વજારોહણ મહોત્સવ |
| તા. ૦૨ ફેબ્રુઆરી ૨૦૨૫ | શ્રી અચલગચ્છ જૈન સંઘ મંજલ રેલડીયાની વાર્ષિક સામાન્ય સભા તથા ટ્રસ્ટીઓની ચુંટણી, આર કે પાઠશાળા, ભાડુંપ |
| તા. ૦૮ ફેબ્રુઆરી ૨૦૨૫ | શ્રી રાણપર તીર્થ ધ્વજારોહણ મહોત્સવ |
| તા. ૦૮ થી ૦૯ ફેબ્રુઆરી ૨૦૨૫ | શ્રી વારાપધર આદિનાથ જિનાલય ૧૬૪ મુ ધ્વજારોહણ મહોત્સવ |
| તા. ૦૯ ફેબ્રુઆરી ૨૦૨૫ | વરાડીયામાં બિરાજમાન ડાઘા કુળદેવી શ્રી મોમઇ માતાજી ની મુંબઈ મા સળંગ ૩૩મી પહેડીઃ લાભાર્થી શા. દામજી વેલજી ડાઘા ( કોઈમ્બતુર) પરીવાર : મેવાડ કેશરી હોલ, ભાડુંપ. |
| તા. ૦૯ ફેબ્રુઆરી ૨૦૨૫ | વરાડીયા ગામમાં બિરાજમાન મોમાયા પરીવારના કુળદેવી શ્રી મોમાઇ માતાજીની ૩૧ મી સમુહ પહેડી તા. ૦૯-૦૨-૨૫ ના જીવરાજ ભાણજી હોલ, મુલુંડ |
| તા. ૧૦ ફેબ્રુઆરી ૨૦૨૫ | કોઠારા શ્રી શાંતિનાથજી જિનાલયની ૧૬૪ મી ધ્વજા મહોત્સવ. |
| તા. ૧૩ ફેબ્રુઆરી ૨૦૨૫ | શ્રી રાપર ગઢ તીર્થ - શ્રી ગોડીયા પાર્શ્વનાથજી જિનાલયઃ દ્વિતીય ધ્વજારોહણ મહોત્સવ. |
| તા. ૧૩ ફેબ્રુઆરી ૨૦૨૫ અને ૧૪.૦૨.૨૦૨૫ | જસાપર તીર્થઃ શ્રી પદમાવતી મહાપુજન સહ શ્રી આદિનાથ દાદા જિનાલયનું ૧૪૮ મું ધ્વજારોહણ મહોત્સવ |
| તા. ૧૮ ફેબ્રુઆરી ૨૦૨૫ | મોટી સિંધોડી- નેમનાથજી જિનાલય : દ્વિતીય ધ્વજારોહણ મહોત્સવ. |
| તા. ૨૮ ફેબ્રુઆરી થી ૦૨ માર્ચ ૨૦૨૫ | સાંયરા તીર્થઃ ૧૪૭ મા ધ્વજારોહણ નિમિત્તે ત્રિહાનિકા મહોત્સવ |
| તા. ૦૧ માર્ચ ૨૦૨૫ | સાંયરા વિકાસ મંડળ આયોજિત સ્નેહમિલનઃ સાંયરામાં |
| તા. ૩૦ માર્ચ થી ૦૨ એપ્રિલ ૨૦૨૫ | તેરામાં બિરાજમાન મોતા પરીવારના કુળદેવી શ્રી અંબાઈમાના ભુવાશ્રીનું ચયન તથા ૨૫મી સમુહ પહેડીઃ કચ્છ તેરા. |
| તા. ૦૩ થી ૧૩ એપ્રિલ ૨૦૨૫ | સાંધવ તીર્થઃ સં. ૨૦૮૧ ચૈત્ર માસની આયંબિલ ઓળી. |

# છેલ્લા બે દિવસ બાકી!!



## આનંદો... આનંદો... આનંદો!!!

મોતા પરિવારજનો અને પરિવારની નિયાણી ઓ માટે અતિ આનંદ ના સમાચાર!!!
આપ સૌને સુવિદિત છે કે... આપણા કુળદેવી અંબાઈ મા ના મૂળ સ્થાન, કચ્છ-તેરા ખાતે આગામી....

**૨૫ મી, રજત સમુહ પહેડી, ભુવાજી બનાવવા ની વિધિ (ચંદીપાઠ), ધ્વજા રોહણ વિગેરે કાર્યક્રમ, મહોત્સવ સ્વરૂપે શાનદાર ઉજવાશે.....**

**જેનો ભુજ થી ભુજ નો સંપૂર્ણ લાભ.....**

**સ્વ. માતૃશ્રી જયવંતીબેન રતિલાલ મોતા હસ્તે શ્રી લાજેશભાઈ રતિલાલ મોતા પરિવાર, કુઆપધ્ધર હાલે વાશી, નવી મુંબઈ** એ ઉદાર દિલે લીધેલ છે. એમની ઉદારતા ને બીરદાવવા.....

અને આપણે સૌ બહોળી સંખ્યામાં સંઘ સ્વરૂપે જઈ શકીએ માટે, માત્ર મુંબઈ થી ભુજ અને વળતા ભુજ થી મુંબઈ ની સ્લીપર ક્લાસ ટીકીટ નો જવા-આવવા નો ખર્ચ જ નહીં! પણ ટ્રેન મુસાફરી દરમિયાન જતા-આવતા ખાન-પાન ની વ્યવસ્થા પણ ગોઠવી, **લાભ સવાયા લેનાર મારા સાથી કલ્યાણ મિત્ર એવા ટ્રસ્ટબોર્ડના ટ્રસ્ટીશ્રીઓ...**



- ♦ માતૃશ્રી વિજ્યાબેન વેરશી મોતા અંધેરી-સુથરી, હસ્તે સ્નેહા અશોક મોતા
- ♦ શ્રી રાજેન્દ્ર કાંતીલાલ મોતા ♦ શ્રી ઉમેશ કિશોર મોતા
- ♦ શ્રી નરેન્દ્ર ઠાકરશી મોતા ♦ શ્રી વિનોદભાઈ ખેતશી મોતા મુલુંડ-કુઆપધ્ધર
- ♦ શ્રી ચેતન મેઘજી મોતા અને અમારા વડીલ, માર્ગદર્શક
- ♦ શ્રી રમેશ (કુંવરજી) મેઘજી મોતા
- ♦ કુ.ઇન્ડિયા, સિડની, બેલા મયુર ધુલ્લા મોતા, ઓસ્ટ્રેલિયા હસ્તે મીના ચિમન મોતા તન-મન ટુર
- ♦ શ્રી શિવજી ડુંગરશી મોતા હસ્તે જતીન ભરત પટેલ સૌ ની ભૂરી ભૂરી અનુમોદના સહ આભાર!

**અતઃ પરિવારજનો અને પરિવાર ની નિયાણીઓ આપ આપના નામો**
https://docs.google.com/forms/d/1bLHfUNP7Ya0Fx15BVLI7xv2u9tJTy2HsXuUc-XwYeyQ/preview
**લીન્ક પર ઓનલાઈન ફોર્મ ભરી, રૂ. ૧,૦૦૦ ની રીફન્ડેબલ ડિપોઝિટ સાથે વહેલો તે પહેલો ના ધોરણે... તા.૧૫-૦૧-૨૦૨૫ સુધી નોંધાવશોજી.**

Scan for Link

- ♦ **ડિપોઝિટની રકમ વળતા ટ્રેનમાં પરત કરવામાં આવશે**
- ♦ ટિકિટ કોમ્પ્યુટરઈઝ સિસ્ટમના કારણે, પસંદગીની સીટ કે એકબીજા ની સાથે સીટો વિ.ની શક્યતા નથી.
- ♦ કેન્સલેશન કે અદલા બદલી પણ શક્ય નથી.
- ♦ પોતાની રીતે ટ્રેન થી આવનાર - જનાર કે બહારગામ થી ડાયરેક્ટ પધારનારે ટિકિટ કઢાવી, વ્યવસ્થા હેતુ તેની જાણ સમયસર કરવાની રહેશે.
- ♦ અપર ક્લાસ ઈચ્છુકે ફોર્મ માં તેની વિગત જાણાવી, ડીફરન્સ ની રકમ ભરવા ની રહેશે.

**ટ્રેન બુકિંગ માટે સંપર્કઃ શ્રી મેહુલ મોતાઃ 98204 17671**

**આપ સૌને સહ પરિવાર આવકારવા ઉત્સુક, આપના આગમન ના આકાંક્ષી...**

**ટ્રસ્ટ બોર્ડઃ મેનેજિંગ ટ્રસ્ટીઃ ચીમન મોતા ના જય જિનેન્દ્ર, જય માતાજી**

# શ્રીમતી દેવબાલા પ્રમેન્દ્ર ધરમશીને નેશનલ ઓપન અબાક્સ ઓલિમ્પિયાડ ૨૦૨૪ સ્પર્ધામાં શ્રેષ્ઠ એકેડેમીનો એવોર્ડ મળ્યો



શ્રીમતી રમિલાબેન વિજય લાલજી ગાલા મંજલ-જલગામના પુત્રી શ્રીમતી ડિમ્પલ ઉર્ફે દેવબાલા પ્રમેન્દ્ર નવીનચંદ્ર ધરમશી કોઠારા-નાગપુરને TARAKSH SMART KIDS PVT LTD નાગપુર દ્વારા આયોજિત નેશનલ ઓપન અબાક્સ ઓલિમ્પિયાડ કોમ્પિટિશન ૨૦૨૪નો સર્ટિફિકેટ ઓફ બેસ્ટ એકેડેમીનો એવોર્ડ શાહ ટ્યૂશન ક્લાસીસને ભારત સરકારના મહામાર્ગ વ્યવહાર અને ટ્રાંસપોર્ટ વિભાગના મંત્રી નીતિન ગડકરીના હસ્તે મળ્યો.



AWARD 2024

CERTIFICATE OF BEST ACADEMY

This Certificate is proudly awarded to

Shah Tuition Classes

Mrs. Devbala P. Shah

for Exceptional Dedication and Outstanding results in the National Open Abacus Olympiad Competition 2024 organized by Taraksh Smart Kids Pvt. Ltd., Nagpur. Your commendable performance is a testament to your competence and the exemplary application of Abacus Learning.

This certificate is awarded on 3rd of Jan 2025.

TARAKSH Smart Kids Pvt. Ltd.

Mrs. H. K. Wadewale
Taraksh Smart Kids Pvt. Ltd.

Quality : Trust : Transparency

શ્રીમતી દેવબાલાબેન ધરમશી સંચાલિત શાહ ટ્યુશન ક્લાસીસ અને એબેક્સ એકેડેમીએ તારકશની ફ્રેન્ચાઈઝી છે. જે વિદ્યાર્થીઓને અબેક્સ ગણિતનું ગણતરી સાથે આસાનીથી જ્ઞાન આપે છે, શીખવે છે.

આ ઓલિમ્પિયાડમાં ૪ થી ૧૪ વર્ષના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. તેમની એકેડેમીના ૧૦ વિદ્યાર્થીઓને ચેમ્પિયન્સ ટ્રોફી અને વિનર્સ ટ્રોફીના પુરસ્કારો મળ્યા હતા. સ્પર્ધામાં મહારાષ્ટ્ર અને તેલંગણા રાજ્યના ૧૧ શહેરોની ૬૮ એકેડેમીના ૧૨૫૦ વિદ્યાર્થીઓ ઓફલાઈન સ્પર્ધક તરીકે અને ૧૮૫ સ્પર્ધકો ઓનલાઈન રીતે સ્પર્ધામાં ઉતર્યા હતા. જેમાંથી ૩૫૦ થી વધુઓને વિવિધ કેટેગરીમાં પારિતોષિક મળ્યા હતા.

૬૮ એકેડેમી પૈકી ૭ સર્વોત્કૃષ્ટ એકેડેમીઓને બેસ્ટ એકેડેમીનો એવોર્ડ મળ્યો હતો.

આ સન્માન ગૌરવ પ્રાપ્ત કરવા માટે શ્રીમતી ડિમ્પલબેન ઉર્ફે દેવબાલાબેન ધરમશીને હાર્દિક અભિનંદન.

# રચના મહિલા મંડળની સભ્ય બહેનોએ ઊંધિયા પાર્ટીની મિજબાની માણી



રચના મહિલા મંડળનો આ વર્ષનો બીજો પ્રોગ્રામ તા.૪ જાન્યુઆરી શનિવારના રાઘવેન્દ્ર ગાર્ડન મુલુંડ વેસ્ટમાં ઊંધિયા પાર્ટીનો રાખ્યો હતો. કાર્યક્રમમાં કુલ્લ ૫૧ બહેનો હોંશપૂર્વક જોડાયા હતા. કમિટીની મેમ્બરોએ બધાનું વેલકમ હલદી, કુમકુમ, ફૂલ અને તીલગુડ આપી ને કર્યું હતું. કાર્યક્રમની શરૂઆતે નવકાર મંત્રનું પઠન કરાયું. ત્યારબાદ કમિટી મેમ્બર્સ અને પૂર્વ પ્રમુખ એવા વિજ્યાબેન વીરચંદ ધરમશી અને મધુરીબેન કાંતિલાલ મોતાના દુઃખદ અવસાનની સખેદ નોંધ લઈ શ્રધ્ધાંજલિ રૂપે સૌ એ મિનિટનું મૌન પાડ્યું હતું.

સૌ માટે અવનવી ગેમ્સ અને નવા વર્ષ ૨૦૨૫નું વેલકમ કરાવતા હાઉઝી ગેમનું સરસ રીતે આયોજન કરેલ. જેમાં પાંચ લકી ડ્રો અને અધધ ઈનામોની વણઝાર રાખી હતી. ત્યારબાદ લહેજતદાર ચટાકેદાર ટેસ્ટી ઊંધિયાની જિયાફત સૌએ માણી હતી. છેલ્લે મુખવાસ ગ્રહણ કરી અને પ્રોગ્રામ ખૂબજ સરસ થયાનો સંતોષ કમિટી મેમ્બર્સને કહી સૌ ફરી મળવાનો વાયદો કરી છૂટા પડ્યાં હતાં.

# પ.પૂ.સાધ્વીશ્રી ચૈત્યગુણાશ્રીજી મ.સા.એ સંયમ જીવનના ૧૩મા વર્ષમાં પ્રવેશ કર્યો

કચ્છ કોઠારાના માવિત્ર માતુશ્રી દમયંતીબેન જયચંદ હીરજી લોડાયાના ધર્માનુરાગી અને સદાય આત્મકલ્યાણના માર્ગે જવા ઉત્સુક પુત્રી રત્ન વિક્રમ સંવત ૨૦૬૯ની પોષ સુદી ૧૨ તિથિ દિને મુલુંડ પૂર્વ નગરે અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા.ના હસ્તે દીક્ષા ગ્રહણ કરી ગુરૂમૈયા પ.પૂ.સાધ્વીશ્રી સંયમગુણાશ્રીજી મ.સા.ના શિષ્યા તરીકે નૂતન નામ અને ઓળખ પ.પૂ.સાધ્વીશ્રી ચૈત્યગુણાશ્રીજી મ.સા. સ્વીકારી મોક્ષ માર્ગે વિચરણનો પ્રારંભ કર્યો.



આજ કાલ થતાં થતાં વિક્રમ સંવત ૨૦૮૧ના પોષ માસ સુદ ૧૨ તિથિએ પૂજ્ય સાહેબ ધર્મ-તપ, ભક્તિ આરાધના કરતાં કરતાં બાર વર્ષના વહાણા વીતી તેરમા વર્ષમાં શુભ મંગલ પગરણ કર્યા છે. આ ધન્ય ઘડીએ ગુરૂ ભક્તોની શુભ કામના છે કે સાહેબજી રજત, સુવર્ણ, હીરક અને અમૃત વર્ષની સિદ્ધિ ઓળંગી શતક વર્ષનો શિખર પ્રાપ્ત કરે એ ભલી ભાવના સહ શત શત વંદના.

# પ.પૂ.સાધ્વી પ્રવર્તિની શ્રી હંસાવલીશ્રીજી મ.સા.એ સંયમ જીવનના ૬૭મા સિધ્ધિ શિખર વર્ષમાં પગરણ માંડ્યા



તેરા કચ્છના માવિત્ર માતુશ્રી મોંઘીબેન ડુંગરશીભાઈ દંડના ધર્મ સંસ્કારી સુપુત્રી મોક્ષ માર્ગે જવાના કોડ મનમાં ધરાવતા વિક્રમ સંવત ૨૦૧૫ના પોષ સુદી ૧૩ના તિથિ દિને લાયજા મુકામે પ.પૂ.મુનિરાજ ચંદનસાગરજી મ.સા.ના પરમ હસ્તે દીક્ષા ગ્રહણ કરી. ગુરૂમાતા પ.પૂ.સાધ્વીશ્રી પુષ્પાશ્રીજી મ.સા.ના શિષ્યા તરીકે, સંયમ જીવનના નવીન નામ પ.પૂ.સાધ્વીશ્રી હંસાવલીશ્રીજી મ.સા. તરીકે ધર્મ, તપ, ભક્તિ આરાધનાના પંથના પ્રવાસનો પ્રારંભ કર્યો. આજે વિક્રમ સંવત ૨૦૮૧ના પોષ સુદી ૧૩ના તિથિ દિને સંયમજીવનના તપ, ત્યાગ ભર્યા ૬૬ વર્ષ સફળ રીતે પૂર્ણ કરી શુભ શુકનવંતા ૬૭મા વર્ષમાં પગરણ કર્યા છે. આ સિધ્ધિને ગુરૂભક્તો વધાવી પૂજ્ય સાહેબ સંયમજીવનના ભાવી કાળમાં અમૃત વર્ષ પાર કરી શતક વર્ષના સર્વોચ્ચ શિખરે શાતાપૂર્વક બિરાજે એ મંગલકામના ભાવના સાથે સાહેબજીના અખંડ આશિષ અચલગચ્છી શ્રાવક શ્રાવિકાઓ પર સર્વદા રહે એ સદ્ઈચ્છા સાથે સાહેબજીને કોટિ કોટિ વંદના.


|| દંતાણી તીર્થ મંડન શ્રી સીમંધરસ્વામિને નમઃ ||

|| વિધિપક્ષ અચલગચ્છ પ્રવર્તક દાદા ગુરૂશ્રી આર્યરક્ષિતસૂરિ ગુરૂભ્યો નમઃ ||

શ્રી સીમંધરસ્વામિ પ્રશંસિત, મહાત્યાગી-ક્રિયોદ્ધારક, વિધિપક્ષ (અચલગચ્છ)
પ્રવર્તક પ.પૂ.દાદાગુરૂદેવ શ્રી આર્યરક્ષિતસૂરીશ્વરજી મહારાજાની જન્મ દીક્ષા ભૂમિની સ્મૃતિમાં નિર્મિત

**શ્રી આર્યરક્ષિત જૈન શ્વેતાંબર તીર્થ**

**શ્રી સીમંધરસ્વામી વીશ વિહરમાન ૩૨ વિજય મહાવિદેહ તીર્થ**

**આમુલચૂલ ભવ્ય સંગેમરમર ૩૨ જિનાલય સહ**

દાદા ગુરૂ શ્રી આર્યરક્ષિતસૂરિજી મ.ના ગુરૂ મંદિર (દાદા વાડી)નું જીર્ણોધ્ધાર... નવ નિર્માણ

તીર્થ સંસ્થાપક : શાસન સમ્રાટ, અચલગચ્છાધિપતિ પ.પૂ.ગુરૂદેવ આ.ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મહારાજા

તીર્થ પ્રેરક : જીર્ણોધ્ધાર માર્ગદર્શક : પુણ્ય પ્રભાવક સામ્રાજ્ય,
અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મહારાજા

**અંજનશલાકા પ્રતિષ્ઠા મહામહોત્સવનો મુહૂર્ત :**
**વિ.સં. ૨૦૮૧ મહા વદ-૧ ગુરૂવાર. ૧૩/૨/૨૦૨૫**
**આજથી જ નક્કી કરો કે તમારે દંતાણી તીર્થની મુલાકાત લેવી છે.**

**ઉત્તમ ભોજનશાળા - એસી/નોન એસી આધુનિક ધર્મશાળાની પરમ સુવિધા**


● સંપર્કઃ મેનેજર - ભરતભાઈ દંડ - 9929917712

**સૌજન્ય : લલિત ટોકરશી લોડાયા (રાપરગઢવારી)**


# ભાવભીની શ્રદ્ધાંજલિ




**રેખાબેન મૈશેરી**
તા.૫ જાન્યુઆરી (ઉ.૭૩)
મોટી સિંધોડી–ભાંડુપ




**નરેન્દ્રભાઈ છેડા**
તા.૬ જાન્યુઆરી (ઉ.૭૬)
તેરા–મુલુંડ




**ગુણવંતીબેન લાપસિયા**
તા.૭ જાન્યુઆરી (ઉ.૯૦)
કોઠારા–નાગપુર



**ખેમેન્દ્રભાઈ નાગડા**
તા.૭ જાન્યુઆરી (ઉ.૭૧)
નલિયા–હુબલી



**ખીમજીભાઈ મોતા**
તા.૭ જાન્યુઆરી (ઉ.૮૨)
રાપરગઢ–ઘાટકોપર



**ચંદ્રકાંતભાઈ લોડાયા**
તા.૮ જાન્યુઆરી (ઉ.૬૨)
કોઠારા–માનપુરા



**સુશીલાબેન લાલકા**
તા.૯ જાન્યુઆરી (ઉ.૮૦)
કોઠારા–નાગપુર



**મધુબેન ખોના**
તા.૯ જાન્યુઆરી (ઉ.૭૨)
નલિયા–ચેમ્બુર



**યામિનીબેન ધરમશી**
તા.૧૦ જાન્યુઆરી (ઉ.૫૪)
મંડલ રેલડિયા–ડોંબિવલી

**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિનામૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**



# વતનજા વાવડ ...



– સં. રાજન ચંદે 'ધૂની'

● અબડાસા તાલુકાના મુખ્ય મથક નલિયા ખાતેની રેફરલ હોસ્પિટલ-સામૂહિક આરોગ્ય કેન્દ્ર તાલુકાના ૧૬૭ ગામને ઈમર્જન્સી સમયે સારવાર આપતી તાલુકા મથકની આ એકમાત્ર હોસ્પિટલ હોવાથી છેલ્લાં મહિનાઓથી પાંચ તબીબના મહેકમવાળી આ હોસ્પિટલ ઈન્ચાર્જના ભરોસે મૂકી દેવાઈ છે. તાલુકાના જખૌ, વાયોર, ડુમરા, કોઠારા, મોથાળા અને તેરામાં પી.એચ.સી. આવેલા છે. તેની ઉપર નલિયાની સીએચસી એવી આ મુખ્ય હોસ્પિટલમાં એક પણ ડોક્ટર ન હોવાથી ખુદ હોસ્પિટલ બીમાર ભાસે છે.

● માંડવી તાલુકાના તલવાણા ખાતે છેલ્લાં સાત વર્ષથી ઈશ્વરેશ્વર ગૌ સેવા તથા વિવિધલક્ષી ટ્રસ્ટ દ્વારા નિઃસ્વાર્થ ભાવે બીમાર, અશક્ત અને અકસ્માત ગ્રસ્ત અબોલ ગૌવંશની સેવા કરાઈ રહી છે. ૧૨ હજાર સ્કે.ફૂટની હોસ્પિટલમાં અદ્યતન સાધનો સાથે ૧૨૦૦ સ્કે.ફૂટ ડે-કેર ઓપરેશન થિયેટરમાં અહીં પશુઓની સારવાર કરવામાં આવે છે. અદ્યતન એક્સ રે રૂમ, લેબોરેટરી, સુવિધા સજ્જ શેડ તથા ગૌ સેવક કાર્યકરો ગૌ સેવામાં કાર્યરત છે. કચ્છની તમામ ગૌશાળા પાંજરાપોળને અત્રે બીમાર ગૌ વંશે આપી જવા તથા સાજા થયેલા ગૌવંશ પશુધનને લઈ જવા ઈજન આપવામાં આવ્યું છે.

● ગુજરાત સરકારે જારી કરેલા ઠરાવમાં અંજાર સહિત રાજ્યના જુદા જુદા વિસ્તારોમાં કુલ્લ આઠ નવી સરકારી કોલેજને મંજૂરી આપી હતી. બિન આદિ જાતિ વિસ્તારો પૈકી કચ્છના અંજાર ખાતે આર્ટસ અને કોર્મસ પ્રવાહ કોલેજ મંજૂર કરાઈ છે. અંજારને કોલેજ મળતાં ઐતિહાસિક અંજાર શહેર અને તાલુકાના વિદ્યાર્થીઓની લાંબા સમયની માંગ સંતોષાઈ છે.

● કુદરતે ખેતીમાં મદદ કરવા માટે જ ગાય માતાનું સર્જન કર્યું છે. ખેતી પ્રધાન દેશનું અર્થતંત્ર ખેતી આધારિત રહ્યું છે. એ જ રીતે ખેતી ગાય આધારિત રહી છે. આવી ગૌવત્સલ સમજણ સાથે ભુજ સ્વામિનારાયણ મંદિર દ્વારા બે વર્ષ પહેલાં ગાય આધારિત ખેતી અભિયાનને સુંદર પ્રતિસાદ મળવા માંડ્યો છે. ગાય પાળનારને યુરિયા, ડીએપીના ખર્ચ નહીં કરવા પડે તેવો સંદેશ આ અભિયાન આપે છે. પ્રકૃત્તિના ખોળે ખેતી કરીને ખાસ તો જમીન માટે જડીબુટ્ટી સમાન ગોબર, ગૌમૂત્રના ખાતરનું પોષણ આપવા તેમજ શક્ય હોય ત્યાં સુધી દેશી બીજ પોંખવાની સલાહ અભિયાનના સંચાલક સંતવૃંદ, તજજ્ઞો તરફથી મળી છે. આ અભિયાનમાં કચ્છના ૩૦૦ ખેડૂત જોડાઈ ચૂક્યા છે. આ અભિયાન માટે મુસ્લિમ, અનુસૂચિત સમાજોના ખેડૂતોના વાડી ખેતરમાં પણ સંતો, કાર્યકરો માર્ગદર્શન આપવા જાય છે. અભિયાન માટે ખાસ રચાયેલા વોટસઅપ ગ્રુપમાં નિયમિત માર્ગદર્શન ખેડૂતોને અપાય છે.

● અબડાસા તાલુકાના ગરડા પંથક વિસ્તારના વાયોરથી છ કિ.મી દૂર આવેલ ફુલાય ગામના જાડેજા સુરૂભા જટુભાની છ વર્ષીય દીકરી જીયાશીબા મંત્રોચ્ચારથી શિવ પૂજા કરે છે. સ્થાનિક સિમેન્ટ કંપનીની શાળામાં પહેલાં ધોરણમાં અભ્યાસ કરતી આ વિદ્યાર્થીની દરરોજ ત્રિપુંડ કપાળે કરી જલપાત્ર લઈ પાળેશ્વર મહાદેવ મંદિરે દર્શનાર્થે જાય છે અને મૌખિક મંત્રોચ્ચાર કરી શિવલીંગ પર જળધારા કરે છે. ગીતાના શ્લોક પણ તેણીને મોઢે છે.

● અંજારમાં રાજ્યના પ્રથમ નંદી શાળા પાંચ વર્ષ પહેલા ૧૧ નંદી સાથે શરૂ થઈ. જે આજે ૭૫૦ નંદીઓની સેવા કરાય છે. રખડતા ભટકતી ગાયો માટે ગૌશાળા-પાંજરાપોળ સંખ્યા બંધ છે પણ નંદીઓ માટે કોઈ આશ્રય સ્થાન નથી. ટેકરી પર બનાવવામાં આવેલ નંદી મંદિરમાં દરરોજ પૂજા કરવામાં આવે છે. ઘાસચારા માટે વિશાળ શેડ ઉપલબ્ધ છે. તહેવારોમાં નંદીઓને લાપસી, લાડવા પીરસવામાં આવે છે. શેડમાં ગંદકી બદબૂ ન થાય એ માટે દરરોજ નિયમિત સફાઈ થાય છે. નંદીઓ મસ્ત મને રહે એ માટે સંગીતની સુરાવલીઓ વગાડવામાં આવે છે.

DON'T
# Compromise!

Portability Benefits Available






## COMPARE, SCRUTINIZE & DECIDE

Karani

: For Details Contact Us :

YASHODHAN KARANI 98211 37737

DEEPAK KARANI 98210 82664

DEEPAK MOMAYA 93233 44737

KALPESH LODAYA 93248 33133

- ☑ Global Cover
- ☑ No Room Rent Restrictions
- ☑ Consumables Benefit Cover
- ☑ Maternity Cover
- ☑ Emergency Air Ambulance
- ☑ OPD Dental Treatment Upto 10000/-
- ☑ OPD Treatment Upto 5000/-
- ☑ 60 Days-Pre & 90Days Post Hospitalisation
- ☑ Road Ambulance 5000 per Hospitalisation
- ☑ Compassionate Travel Upto 20000
- ☑ High End Diagnostic upto 25000
- ☑ Bariatric Surgery Cover
- ☑ No Claim Bonus 50% every year upto 100%
- ☑ Long Term Policy Discount 10% for 3 yrs Policy

*T & C APPLY

# insurancekhoj.com™

the ultimate stop for insurance™

#404, BPS PLAZA, DEVI DAYAL ROAD, MULUND (W), MUMBAI - 400080.

90049 99900 / 93221 37737 79771 01415 insurancekhoj@gmail.com

LOCATIONS : GUJARAT | MAHARASHTRA | MADHYA PRADESH | KARNATAKA